**<u>પ્રિય મિત્ર,</u>**

અહીં એક જીવન-બદલનાર , અત્યંત મહત્વપૂર્ણ સારા સમાચાર છે, જે કદાચ અત્યાર સુધી કોઈએ તમને જણાવ્યા નહીં હોય!. કદાચ, તમારા મગજમાં એ વિષે કદી વિચાર પણ આવ્યો નહીં હોય. શું તમે એ જાણવા માટે થોડી મિનિટો ફાળવી શકો છો...?

શું તમે ક્યારેય વિચાર્યું છે? - હું કોણ છું? હું ક્યાંથી આવ્યો છું? આ દુનિયામાં આવવા પાછળ મારા સરજનહારનો હેતુ શું છે? હું અહીં આ પૃથ્વી પર શું કરી રહ્યો છું? જો હું હમણાં મરી જાઉં તો હું ક્યાં જઈશ? વગેરે.

દરેક વ્યક્તિના હૃદયમાં ક્યારેક ને ક્યારેક ખાલીપો, અસંતોષ અને ઉદાસી પેદા થયા વિના રહેતાં જ નથી, એનું કારણ શું હોઈ શકે?

એ સાચું છે કે પૈસો, નોકરી, સંપત્તિ કે સુંદરતા માનવીને સાચો આનંદ, શાંતિ અને આરામ આપી શકતાં નથી. તમારા મતે, મનુષ્યની વાસ્તવિક અને સૌથી મહત્વપૂર્ણ જરૂરિયાત શું છે? માણસ અલગ-અલગ માર્ગો અને માધ્યમોનો આશરો લઈને પણ શા માટે પોતાના હૃદયનો ખાલીપો ભરી શકતો નથી, એના અસંતોષનો સામનો કરી શકતો નથી અને એના દુ:ખને દૂર કરી શકતો નથી? માણસ, તેના સુખની શોધમાં, વિવિધ પ્રકારના વ્યસનોમાં પણ લપટાઈ જાય છે, જે સરવાળે એના શરીર અને આત્માને નુકશાનકારક જ સાબિત થાય છે.

રડતું બાળક તેની માતા માટે આતુર છે, તેને કોઈપણ રમકડાથી શાંત કરી શકાતું નથી. તેવી જ રીતે, પાણી વિના તરફડી રહેલી માછલી માટે, પાણી સિવાય કશું મહત્વ નું નથી. માનવીનું પણ એવું જ છે. માનવી ખરેખર ઇશ્વરના શ્વાસથી બનેલો આત્મા છે, જે તેની આધ્યાત્મિક તરસ અને નિ:સહાયતા ને ભૌતિક જોગવાઈઓથી છીપાવી શકતો નથી. માનવીને ઇશ્વરની જરૂર છે!

1 મૃત્યુનો સામનો કરવાનો ભય દરેક માટે સામાન્ય છે; ભલે તે ગમે તેટલો અમીર, ગમે તેટલો ગરીબ, ગમે તેટલો ડાહ્યો, ગમે તેટલો નિષ્કપટ, ગમે તેટલો મજબૂત કે ગમે તેટલો નબળો હોય. એવું કહેવાય છે કે, "માણસ જો આખી દુનિયા મેળવે, અને પોતાનો આત્મા ગુમાવે તો તેનાથી તેને શું ફાયદો થશે?" મૃત્યુ હંમેશાં માણસ માટે એક રહસ્ય અને કોયડો રહ્યું છે. પરિણામે પ્રશ્ન એ થાય છે કે મૃત્યુ પછી માણસનું શું થતું હશે? મૃત્યુ અને મૃત્યુ પછીના જીવનના કોયડાને ઉકેલવા માટે બહુવિધ સિદ્ધાંતો અજમાવી જોવામાં આવ્યા છે. તેમાંથી કયો સિદ્ધાંત વાસ્તવિક છે? આ તમામ પ્રયાસો પરથી સ્પષ્ટ થાય છે કે દરેક માણસ મુક્તિ/મોક્ષ (આધ્યાત્મિક સ્વાતંત્ર્ય) પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ છે.

શું તમે ક્યારેય આ વિશે વિચાર્યું છે? શું આપણું જીવન ખૂબ અનિશ્ચિત નથી? શું તમને ખાતરી છે કે બીજી જ ક્ષણે તમારી સાથે શું બનવાનું છે? તમે તમારા વર્તમાન અને તમારા મુક્તિ/મોક્ષના ભવિષ્ય વિશે જાણતા ન હોવાથી, તમારે મરતાં પહેલાં થોડાં મહત્વપૂર્ણ સત્યો જાણવાની જરૂર છે. શું તમે મારા સૂચન સાથે સંમત થાઓ છો?

## માનવી કોણ છે?

માનવી એ ઇશ્વર ની પ્રતિમા અને સમાનતામાં બનેલું આધ્યાત્મિક પ્રાણી છે. માનવી એક નૈતિક જીવ છે. પોતાના અંતરાત્માની પ્રેરણા થકી માનવી સાચા અને ખોટા નો ભેદ પારખીને જે યોગ્ય હોય તેની પસંદગી કરી શકે છે. તેથી, માનવી તેનાં દરેક કર્મો અને શબ્દો માટે જવાબદાર છે. બીજી તરફ પક્ષીઓ અને પ્રાણીઓમાં ન તો આત્મા હોય છે કે ન તો અંતઃકરણ. તેથી, તેઓ સાચા અને ખોટા વચ્ચે પસંદગી કરવાની ક્ષમતા ધરાવતા નથી. તેથી, તેઓ નૈતિક કાયદાઓથી બંધાયેલા નથી કે તેઓ ન્યાયી રીતે વર્તન કરે એવી અપેક્ષા પણ રાખવામાં આવતી નથી. તેથી, પક્ષીઓ અને પ્રાણીઓમાં બેવફાઈ પણ પાપ તરીકે ગણવામાં આવતી નથી. સૌથી મહત્ત્વની વાત એ છે કે ઇશ્વર પ્રત્યે માનવીને હોય છે એવું ધાર્મિક વલણ, પક્ષીઓ અને પ્રાણીઓમાં કદી હોતું નથી.

પક્ષીઓ અને પ્રાણીઓ તેમના મૃત્યુ પછી માત્ર ધૂળમાં મળી જાય છે. જ્યારે આપણે પ્રાણીઓ અને પક્ષીઓને રસ્તાના કિનારે મરતાં જોઈએ છીએ, ત્યારે શું આપણે ખરેખર પરેશાન થઈએ છીએ કે તેમની કાળજી લઈએ છીએ? ના. બીજી બાજુ, જો કોઈ માણસ મૃત્યુ પામે છે, તો આપણે તેની અવગણના કરતા નથી. ભલે તે કોઈ ગરીબ માણસ હોય કે ભિખારી હોય, આપણે આદર અને ચિંતા બતાવીએ છીએ.

## ઇશ્વર માટે માણસની ઝંખના

સમગ્ર માનવ જગતમાં, આપણે કોઈક ને કોઈક ધાર્મિક માન્યતા અથવા સંપ્રદાયને અનુસરતા લોકો જોઈએ છીએ. દરેક વ્યક્તિ વિવિધ પદ્ધતિઓ દ્વારા ઇશ્વરને ઝંખે છે અને શોધે છે. ધાર્મિક માન્યતાઓ અને ક્રિયાઓ ઈશ્વરની ઝંખના અને તરસથી પ્રેરિત છે. મૃત્યુના ભયથી પ્રેરિત, માણસ તેના પાપોની મુક્તિ/મોક્ષ પ્રાપ્તિ માટે વિવિધ પ્રયત્નો કરે છે. જેમ કે તીર્થયાત્રાઓ, ધર્માદા કાર્યો, યજ્ઞો અને ધાર્મિક વિધિઓ.

તો પ્રશ્ન એ છે કે: શું આપણને ખાતરી અને વિશ્વાસ છે કે માનવી આ બધું કરીને મુક્તિ/મોક્ષ પ્રાપ્ત કરી  શકે છે?

## માણસ - જન્મ અને કાર્યો દ્વારા પાપી

કોઈ ન્યાયી નથી, એક પણ નથી. ઈશ્વરને સમજનાર કે શોધનાર કોઈ નથી. પેલી બાળકવિતામાં "જોની, જોની..હા, પાપા. ખાંડ ખાધી? ના, પાપા", કોઈએ જોનીને ખાંડ ચોરવાનું અથવા જૂઠું બોલવાનું શીખવ્યું ન હતું. જોનીએ માત્ર ચોરી જ નથી કરી પરંતુ ખાંડ ખાવા અંગે તે જૂઠું પણ બોલ્યો છે. માણસ પાપ કરવાથી પાપી બને છે એવું નથી, પણ તે સ્વભાવથી જ પાપી છે એટલે પાપ કરે છે. છેવટે એ પાપનો ગુલામ બને છે. માનવ હૃદય પ્રથમથી જ કપટી અને ભ્રષ્ટ છે. દુષ્ટ હૃદયમાંથી દુષ્ટ વિચારો નીકળે છે - હત્યા, વ્યભિચાર, જાતીય અનૈતિકતા, ચોરી, ખોટી જુબાની, નિંદા એવી બાબતો છે, જે વ્યક્તિને

ભ્રષ્ટ કરે છે. અદાલત કોઈ વ્યક્તિને ચોર કહે છે કારણ કે તેણે ચોરીનું કૃત્ય કર્યું હતું. વાસ્તવમાં, તે વ્યક્તિએ ચોરી કરી કારણ કે તે સ્વભાવે ચોર છે.

## પાપ અને સજાનો બોજ:

પાપે માનવીને ઈશ્વરથી દૂર કર્યો છે. પાપે ઇશ્વર અને માનવી વચ્ચે દુશ્મનાવટ ઊભી કરી છે. પાપે જ માનવીને ન્યાયી અને પવિત્ર ઈશ્વરના ક્રોધને આધીન કર્યો છે. માનવી કરે છે તે દરેક પાપ વાસ્તવમાં ઇશ્વરની વિરુદ્ધ પાપ છે. પાપનો બોજ એ બધા બોજાઓમાં સૌથી મોટો બોજ છે. માનવી પાપના દંડમાંથી બચવા માટે વિવિધ માર્ગોનો આશરો લે છે. પરંતુ પાપનું વેતન મૃત્યુ છે. તે નક્કી છે કે માણસ માત્ર એક જ વાર મૃત્યુ પામે છે, તે પછી તેણે મહાન ન્યાય ચુકાદાનો સામનો કરવાનો છે. માણસના મૃત્યુ પછી, તેનું શરીર તો જે ધૂળમાંથી તે બનાવવામાં આવ્યું હતું તેમાં પાછું ભળી જાય છે. પરંતુ તેનો આત્મા તો યોગ્ય સજા પામવા માટે, ઇશ્વર પાસે પાછો ફરે છે.

## શું ધર્મ માણસને બચાવી શકે?

માણસ પોતાના પાપના બોજમાંથી મુક્ત થવા અને મુક્તિ/મોક્ષ પ્રાપ્ત કરવા માટે સત્કર્મો, પરોપકારી કાર્યો અને ધાર્મિક કાર્યોનો આશરો લે છે. જો કે, આ બધાં માણસને ઈશ્વરના ન્યાય ચુકાદાથી બચાવી શકતાં નથી.

ઉદાહરણ તરીકે: જઘન્ય ગુના માટે દોષિત ઠરેલા માણસની કલ્પના કરો, કાયદાની અદાલતમાં ઊભા રહીને તે ન્યાયાધીશને કહે છે "નાનપણથી, હું સારો માણસ છું, મેં કદી જૂઠું બોલ્યું નથી કે કોઈ વ્યભિચાર કર્યો નથી, મેં ઘણાં સારાં અને સખાવતી કાર્યો કર્યાં છે."

4 શું તમને લાગે છે કે ન્યાયાધીશ હવે તે માણસને તેણે કરેલાં સારાં કાર્યોના આધારે તેના જઘન્ય અપરાધો માફ કરી દેશે? ચોક્કસ, તે નહીં કરે.

પાપ નામના કાદવમાં ફસાયેલો માનવી પોતાને બચાવી શકતો નથી. તેવી જ રીતે, ધર્મ, કાયદો, નૈતિક શિક્ષણ અને ઉપદેશો પણ માણસને પાપના કાદવમાંથી બચાવી શકતા નથી. માણસને તારણહારની જરૂર છે!!

## ઇશ્વર ની મદદ

આ દુનિયામાં દરેક માણસ પાપમાં જન્મે છે, પાપમાં જીવે છે અને પાપમાં જ મૃત્યુ પામે છે. કોઈ પણ વ્યક્તિ તેના પડોશીને કોઈપણ રીતે છોડાવી શકતો નથી. કોઈ પણ વ્યક્તિ બીજાના જીવનનો ઉદ્ધાર કરી શકતો નથી અથવા અન્ય લોકો વતી ઇશ્વરને દંડ ચૂકવી શકતો નથી. જીવનની ખંડણી, કિંમત ખૂબ ઊંચી છે. વ્યક્તિનો ઉધ્ધાર કરવા માટે કે તેણે કાયમ જીવવું જોઈએ અને સડો જોવો જોઈએ નહીં એ માટે કોઈ ચૂકવણી ક્યારેય પૂરતી નથી .

એક અંધ માણસ બીજા આંધળાને દોરી શકતો નથી. તેવી જ રીતે, આ જગતના ગુરુઓ, શિક્ષકો, ઉપદેશકો અને મહાપુરુષો કે જેઓ પોતે પાપમાં જન્મે છે, પાપમાં જીવે છે અને પાપમાં મૃત્યુ પામે છે તે બીજાને પાપની ચુંગાલમાંથી બચાવી શકતા નથી. માણસની મુક્તિ/મોક્ષની કિંમત એટલી ઊંચી છે કે તે કોઈ ચૂકવી શકે તેમ નથી.

પરંતુ, ઈશ્વર જે પ્રેમાળ, અનુકંપા રાખનાર અને દયાળુ છે, તેમની પાસે માણસને પાપમાંથી છોડાવવા અને તેને શાશ્વત નરકમાંથી બચાવવા માટે શરૂઆતથી જ શાશ્વત યોજના હતી. સદાચાર અને ન્યાયમાં બિરાજમાન ઈશ્વર માટે માણસ પર શાસન કરતા પાપ ને દોષિત ઠરાવીને પાપ પરના તેમના ક્રોધને સંતોષવો અનિવાર્ય છે.

ઇશ્વરને કોઈ ન્યાયી માણસ મળ્યો નથી જે સમગ્ર માનવજાતના પાપોની સજા સહન કરી શકે. માનવજાતને પાપમાંથી છોડાવવા માટે કોઈ પણ માણસ ખંડણીની કિંમત ચૂકવી

શકતો નથી. તેથી ઈશ્વર પોતે માનવરૂપ ધારણ કરે, પૃથ્વી પર આવે, પાપ રહિત જીવન જીવે અને માનવજાતના પાપોની સજા પોતાના પર લે તે જરૂરી બન્યું.

**ઈશ્વર:**

ઈશ્વર કોણ છે? તે કેવા દેખાય છે? તેમનાં લક્ષણો શું છે? આપણે તેમના સર્જન (અસંખ્ય તારાઓ અને વિશાળ બ્રહ્માંડ) દ્વારા તેમના દૈવી સ્વભાવ, શાશ્વત શક્તિ, મહિમા અને અદ્રશ્ય લક્ષણોનો અનુભવ કરી શકીએ છીએ. ઈશ્વર આ સમગ્ર બ્રહ્માંડના સર્જક છે. આ હકીકત આપણને જણાવે છે કે સર્જક સર્જન કરતાં અલગ છે. શું ઈશ્વર , જેનું સિંહાસન તમામ સિંહાસન કરતાં સર્વોચ્ચ છે અને જે બ્રહ્માંડમાં સમાવિષ્ટ નથી, તે માનવ હાથે કોતરેલા મંદિરોમાં રહેવા માટે મર્યાદિત હોઈ શકે? અથવા કોઈ ઈશ્વરને પોતાના બનાવી શકે? શું ઈશ્વર આધ્યાત્મિક નથી?

શું ઈશ્વર એવા ન હોવા જોઈએ કે જેમની પાસે જીવન છે, જે જોઈ શકે છે, જે બોલી શકે છે અને જે તેમનાં બાળકોની પ્રાર્થના સાંભળી શકે છે? માણસના લક્ષણો ક્રોધ, વાસના, અભિમાન અને ઈર્ષ્યા છે. શું ઈશ્વર માણસથી વિપરીત, વાસના, ક્રોધ, અભિમાન અને ઈર્ષ્યાથી ઊંચા ન હોવા જોઈએ? તેના બદલે શું ઈશ્વર સચ્ચાઈ, પવિત્રતા, સત્ય અને પ્રેમથી ભરપૂર પરિશુદ્ધ ન હોવા જોઈએ? શું ઈશ્વર સર્વોચ્ચ, સર્વોપરી, સર્વશક્તિમાન અને સર્વજ્ઞ ન હોવા જોઈએ? સર્વવ્યાપી, અને શાશ્વત - એક જે શરૂઆત અને અંત છે - એક જે સ્વયં અસ્તિત્વ ધરાવે છે.

ચોક્કસ, દયાળુ ઈશ્વરે તેમનાં બાળકોના ઉદ્ધાર અને મુક્તિ/મોક્ષ માટે કંઈક કર્યું હશે. જેમ આપણા પૃથ્વી પરના શારીરિક દેહ માટે ફક્ત એક જ પિતા હોય છે તેમ જ, ઈશ્વર આપણા આત્માઓના એકમાત્ર પિતા છે જેમણે આપણને બધાને બનાવ્યા છે.

## <u>ખ્રિસ્તનું ઉધ્ધારક  કાર્ય.</u>

માણસને તેના અપરાધો, અન્યાય અને પાપોને કારણે શાશ્વત નરકની આગમાં સાંકળો બાંધીને ખેંચવામાં આવી રહ્યો હતો. પૃથ્વીની પીઠ પર એવો કોઈ નિષ્પાપ માણસ નહોતો જે માનવજાતનાં પાપોની સજા સહન કરી શકે, જીવનની ખંડણીની કિંમત ચૂકવી શકે અને માનવજાતને પાપની ચુંગાલમાંથી મુક્ત કરી શકે. તેથી, બે હજારવર્ષ પહેલાં, પવિત્ર આત્માથી કુંવારી મરિયમ દ્વારા, દેવોના દેવનો જન્મ થયો હતો, અને તેમનું નામ ઈસુ ખ્રિસ્ત રાખવામાં આવ્યું હતું. આ ઇસુ ખ્રિસ્ત એક નિયત સમયે પાપોના પ્રાયશ્ચિત માટે બધા મનુષ્યો વતી મૃત્યુ પામવા માટે અવતર્યા હતા.

ઈસુ જન્મથી જ નિષ્પાપ હતા. તે આ પૃથ્વી પર સાડા તેત્રીસ વર્ષ સુધી પાપ રહિત જીવન જીવ્યા. કોઈ પણ એવું સાબિત કરી શક્યું નહીં કે તેમનામાં પાપ છે. તે સર્વશક્તિમાન પ્રભુ ઈશ્વર છે, જેમણે માણસની સમાનતામાં જન્મ લીધો હતો, પોતાને કોઈ પ્રતિષ્ઠા વિનાના બનાવ્યા  અને દાસનું રૂપ લીધું હતું. પોતે ઈશ્વર હોવા છતાં, વધસ્તંભ પરના મૃત્યુ સુધી આજ્ઞાકારી બનીને તેમણે પોતાને નમ્ર બનાવ્યા.

ઇસુ ખ્રિસ્તમાં, દેવત્વ ની સંપૂર્ણતા રહે છે. તે અદૃશ્ય ઈશ્વર ની પ્રતિમા છે, જે સમગ્ર સૃષ્ટિ પર પ્રથમજનિત છે. તેઓ ઈશ્વર ના મહિમાનું તેજ છે અને તેમની આબેહૂબ પ્રતિમા  છે

તેમના સ્વભાવ, અને તેમના શબ્દના સામર્થ્ય દ્વારા તેઓ બ્રહ્માંડને ટકાવી રાખે છે. ઇસુ ખ્રિસ્ત એ ઈશ્વર  છે જેમની પાસે આપણાં પાપોને માફ કરવાનો અધિકાર છે. તે આપણી ઉપાસના પ્રાપ્ત કરવાને યોગ્ય ઈશ્વર છે. તેમને પોતાનો જીવ આપવાનો અને તેને પાછો લેવાનો અધિકાર હતો.

## મહાન અને સંપૂર્ણ બલિદાન

લોહી વહેવડાવ્યા વિના પાપોની માફી મળતી નથી. તેથી વિશ્વભરના ઘણા પ્રાચીન ધર્મો યજ્ઞો અર્પણ કરી રહ્યા છે. એ બધાં બલિદાનો એ મહાન શાશ્વત બલિદાનના અસ્થાયી પૂર્વદર્શન સ્વરૂપ હતાં, જે આવનાર હતા - કારણ કે કોઈ પણ પ્રાણીના લોહીથી પાપો દૂર કરવાં અશક્ય છે. એ બલિદાનો તો માનવ જાતના ઉદ્ધાર માટે વધસ્તંભ પર પોતાનું પાપરહિત લોહી વહેવડાવનાર ઈસુના બલિદાનના પ્રતીક સ્વરૂપે હતાં.

ઈસુ ખ્રિસ્તે તમને અપાર પ્રેમ કર્યો, જેથી તેમણે વધસ્તંભ પર તમારું સ્થાન લીધું અને પ્રાયશ્ચિત તરીકે પોતાનું લોહી વહેવડાવ્યું અને તમારાં પાપો, અન્યાય, ઉલ્લંઘનો અને શ્રાપ સહન કર્યા. ઈસુ ખ્રિસ્તનું લોહી આપણને દરેક પાપથી શુદ્ધ કરે છે અને પવિત્ર બનાવે છે.

## વધસ્તંભ પર મહાન બલિદાન

ચોક્કસ, ઈસુ ખ્રિસ્તે આપણી માંદગીઓ, નબળાઈઓ, દુઃખો અને રોગોને વધસ્તંભ પર સહન કર્યા. તેમણે વધસ્તંભ ઉપર આપણી મુશ્કેલીઓ સહન કરી. તે આપણા અપરાધો માટે ઘાયલ થયા હતા, અને આપણા અન્યાયને માટે તે કચડાયા હતા. આપણને શાંતિ પ્રાપ્ત કરવવા મટે તેમણે  શિક્ષા સહન કરી. તેમના ઘા દ્વારા, આપણે સાજા થયા છીએ. આપણા બધાનો  અન્યાય ઈસુ પર નાખવામાં આવ્યો  હતો. તેમના પર જુલમ કરવામાં આવ્યો હતો અને

૪ પીડિત, છતાં તેમણે મોં ખોલ્યું નહિ. તેમને ઘેટાંની જેમ કતલ માટે લઈ જવામાં આવ્યા હતા અને ઘેટાં જેમ તેમના કાતરનારાઓ આગળ શાંત રહે છે તેમ જ તેમણે મૌન ધારણ કર્યું હતું. જુલમ અને ચુકાદા દ્વારા, તેમને આપણા પાપો માટે વધસ્તંભ પર કતલ કરવા માટે લઈ જવામાં આવ્યા હતા. તેમણે પોતાની જાતને પાપના અર્પણ તરીકે રેડી દીધી.

આપણા આરોગ્ય માટે તે ઘાયલ થયા, તે સમૃદ્ધ હોવા છતાં, આપણને સમૃદ્ધ બનાવવા માટે ગરીબ બન્યા. આપણને મુક્તિનાં વસ્ત્રો પહેરાવવા માટે તે વધસ્તંભ પર નગ્ન બન્યા. આપણને ઈશ્વરની નજરમાં ન્યાયી ઠરાવવા માટે પોતે પાપરૂપ બન્યા. તે ખુદ શ્રાપ બની ગયા, જેથી તે આપણને આશીર્વાદ આપે અને આશીર્વાદરૂપ બનાવે .

જીસસ નામનો અર્થ "તારણહાર" છે. તેમને અદભૂત સલાહકાર , પરાક્રમી દેવ , શાશ્વત પિતા અને શાંતિના રાજકુમાર પણ કહેવામાં આવે છે. જેમ આપણાં જીવનમાં થાય છે તેમ તેમને  દરેક રીતે લલચાવવામાં આવ્યા, છતાં તેમણે પાપ કર્યું નહીં. તેથી, તે આપણી દરેક જરૂરિયાત અને પરીક્ષણોમાં મદદ કરવા સક્ષમ છે.

તેમના માટે કશું જ અશક્ય નથી. તે બધું પુનઃસ્થાપિત અને વ્યવસ્થિત કરી શકે છે. ઈસુના નામે, ભૂતો  ભાગી જાય છે. તે તમારી બધી પરિસ્થિતિઓને સારી રોતે જાણે છે. જો તમે તેને શોધો અને તેમનામાં વિશ્વાસ રાખો, તો તે ચોક્કસ તમને મદદ કરશે. એવું કોઈ પાપ નથી જેને તે માફ કરી શકે નહીં. તે તમારી અપરાધ અને બોજની ભાવનાને દૂર કરી શકે છે, અને તમને સ્પષ્ટ અંતરાત્મા સાથે આશીર્વાદ આપી શકે છે. એવી કોઈ બીમારી કે રોગ નથી કે જેને ઈસુ મટાડી ન શકે. ઇસુ, ઈશ્વર છે કે જેમણે આખા બ્રહ્માંડને ફક્ત તેમના બોલેલા શબ્દોથી બનાવ્યું છે, તે તમને દરેક બરબાદ, નિર્જન અને ભયાવહ પરિસ્થિતિમાંથી ચોક્કસપણે બચાવી શકે છે જેમાંથી તમે હાલ પસાર થઈ  રહ્યા છો.

9 <u>ખાલી કબર</u>

ઈસુ ખ્રિસ્તે આપણા માટે પોતાનું લોહી વહેવડાવ્યું અને વધસ્તંભ પર મૃત્યુ પામ્યા. તેમને દફનાવવામાં આવ્યા હતા અને પાપ, મૃત્યુ, પાતાળ તથા  અંધકારની સત્તાઓ અને રાજ્યોને હરાવીને તે ત્રીજા દિવસે ફરીથી સજીવન થયા અને પતન પામેલા માણસના ભ્રષ્ટ સ્વભાવને તેમણે મારી નાખ્યો હતો.

ઈશ્વરે ઈસુને મૃત્યુમાંથી ઉઠાડ્યા, તેથી મૃત્યુની વેદનાનો અંત આવ્યો કારણ કે મૃત્યુ ઇસુને તેની સત્તા હેઠળ રાખી શકતું નહોતું. માનવજાતના ઈતિહાસમાં ઈસુ જ એકમાત્ર એવી વ્યક્તિ છે કે જેમની કબર ખાલી છે. તેમના પુનરુત્થાન દ્વારા, તેઓ પવિત્રતાના આત્માની શક્તિ અનુસાર ઈશ્વરના પુત્ર તરીકે જાહેર કરવામાં આવે છે.

<u>શા માટે ફક્ત ઈસુ ખ્રિસ્ત?</u>

ઈસુનો જન્મ અને જીવન પાપ રહિત હતું.

ઈસુ પાસે આપણા પાપોને માફ કરવાનો અધિકાર છે.

ઈસુ આપણી આરાધનાને લાયક છે.

ભૂતો (અશુદ્ધ આત્માઓ)એ પણ સાક્ષી આપી કે ઈસુ પવિત્ર છે.

વિશ્વના તારણહાર વિશે પવિત્ર ગ્રંથોમાં લખેલી 300 થી વધુ ભવિષ્યવાણીઓ ઈસુમાં પૂરી થઈ છે.

ઇસુ એકમાત્ર (ઈશ્વર અને માણસ) છે જે માનવજાતના મોક્ષ માટે પાપોમાંથી મુક્તિ માટે મૃત્યુ પામ્યા હતા.

ઈસુમાં, દેવત્વની સંપૂર્ણતા શારીરિક સ્વરૂપમાં રહે છે.

ઈસુએ કહ્યું, "માર્ગ, સત્ય અને જીવન હું છું; મારા દ્વારા સિવાય કોઈ મોક્ષ પ્રાપ્ત કરી શકતું નથી."

ઈતિહાસમાં ઈસુ મુખ્ય વ્યક્તિ છે. તેમનું જીવન કોઈ પરિકથા નથી. તેમનો જન્મ એક સંદર્ભિત સીમાચિહ્ન છે અને ઇતિહાસ માટેનો આધાર છે, તેમણે માનવ ઈતિહાસને બે યુગમાં, BC અને AD તરીકે વિભાજિત કરી નાખ્યો છે.

પ્રેમ અને ક્ષમાથી ભરપૂર તેમના ઉપદેશોએ લાખો જીવનમાં પરિવર્તન આણ્યું છે - પાપીઓનું  પણ. (તમારા દુશ્મનને પ્રેમ કરો, જેઓ તમને સતાવે છે તેમના માટે પ્રાર્થના કરો, જેઓ તમને એક ગાલ પર પ્રહાર કરે છે તેમને તમારો બીજો ગાલ આપો જેવા તેમના કેટલાક ઉપદેશો છે જે ઘણીવાર ટાંકવામાં આવે છે).

ઇસુ એકમાત્ર વ્યક્તિ છે જેની કબર ખાલી છે. આનાથી આપણને આશા મળે છે કે જેઓ તેમનામાં વિશ્વાસ કરે છે તેઓને મૃત્યુ અને પાતાળની ચુંગાલમાંથી છોડાવીને સજીવન કરી શકે છે.

નિયમ પાલન દ્વારા કોઈ પણ માણસ ઈશ્વરની નજરમાં ન્યાયી ઠરશે નહીં; કારણ કે નિયમ દ્વારા પાપનું જ્ઞાન થાય છે. પરંતુ નિયમ સિવાય, જેઓ વિશ્વાસ કરે છે તે બધા માટે ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ દ્વારા ઈશ્વરનું ન્યાયીપણું પ્રાપ્ત થાય છે; કારણ કે બધાએ પાપ કર્યું છે અને ઈશ્વરના મહિમાથી સઘળા અપૂર્ણ છે, ખ્રિસ્ત ઈસુમાં જે મુક્તિ છે તે દ્વારા તેમની કૃપા થકી, ભેટસ્વરૂપે આપણને ન્યાયી ઠરાવવામાં આવે છે.

## બધાનું સ્વાગત છે

ઈસુએ કહ્યું:

"જેઓ કંટાળી ગયેલા અને બોજાથી દબાયેલા છે, મારી પાસે આવો, અને હું તમને આરામ આપીશ."

"જો કોઈને તરસ લાગી હોય, તો તેને મારી પાસે આવવા દો અને પીવા દો. જે મારામાં વિશ્વાસ કરે છે; જેમ શાસ્ત્ર કહે છે, 'તેમના અંતઃકરણમાંથી જીવંત પાણીની નદીઓ વહેશે."

"જે મારી પાસે આવે છે તેને હું ચોક્કસપણે બહાર હાંકી કાઢીશ નહીં."

"પૃથ્વીના છેવાડાના લોકો મારી તરફ વળો અને બચી જાઓ; કારણ કે હું ઈશ્વર છું, અને મારા સિવાય બીજું કોઈ નથી."

"કેમ કે ઈશ્વરે પુત્રને જગતનો ન્યાય કરવા માટે જગતમાં મોકલ્યા નથી, પણ તેમના દ્વારા જગતનો ઉદ્ધાર થાય તે માટે મોકલ્યા છે."

"ખરેખર, સાચે જ, હું તમને કહું છું, જે મારું વચન સાંભળે છે, અને જેણે મને મોકલ્યો છે તેના પર વિશ્વાસ કરે છે, તેને શાશ્વત જીવન છે. તેને અપરાધી ઠરાવવામાં આવતો નથી, પણ મૃત્યુમાંથી પસાર થઈને તે જીવનમાં આવ્યો છે."

"શું કોઈ ધવણા બાળકની મા તેના બાળકને ભૂલી શકે છે? તેના પેટના પુત્ર પર કોઈ મા દયા ન રાખે એવું બની શકે? તેઓ ભલે ભૂલી જાય, પણ હું તને ભૂલીશ નહીં."

"ડરશો નહીં, કારણ કે હું તમારી સાથે છું; ગભરાશો નહીં, કારણ કે હું તમારો ઈશ્વર છું. હું તમને બળવાન  કરીશ, હું તમને મદદ પણ કરીશ, હું મારા ન્યાયી જમણા હાથથી તમને બચાવીશ."

## <u>ઈશ્વર  સાથે અંગત સંબંધ:</u>

તમે ઈશ્વર  સાથે વ્યક્તિગત સંબંધ રાખી શકો છો કે જે તમારા સ્વર્ગીય પિતા અને તમારા સર્જક છે. તે પોતાની જાતને કોઈથી દૂર રાખતા નથી. ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરવાથી તમારા પાપો માફ થાય છે અને તમને ઈશરના બાળક બનવાનો અધિકાર પ્રાપ્ત થાય છે

12 ઈશ્વર તમારી સાથે સમય પસાર કરવા અને તમારી સાથે વાત કરવા ઈચ્છે છે, તે તમને સાંભળવા આતુર છે. તમારી ઉંમર, તમારી જાતિ, તમારા સંપ્રદાય, તમારા ધર્મ, તમારી આર્થિક સ્થિતિ કે સામાજિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના તમને ઈશ્વરનું બાળક બનવાનો અધિકાર આપે છે. તમે તેમના માટે ખૂબ જ પ્રિય અને કિંમતી છો કારણ કે તેમણે તમને તેમના લોહી દ્વારા કિંમત ચૂકવીને ખરીદ્યા છે. તે ઝંખના કરે છે અને તેમના ઘાયલ હાથ

લંબાવીને તમારી રાહ જોઈ રહ્યા છે. જો તમે પ્રાર્થના કરવા અને પવિત્ર બાઇબલ વાંચવા માટે ઘૂંટણે પડશો તો તમે ઈશ્વર સાથે સીધા સંબંધનો અનુભવ કરી શકો છો. તમારે એકલા રહેવાની જરૂર નથી. તે તમારી સાથે છે. તમારી બધી ચિંતાઓ તેમના પર નાખો. તે તમારી સંભાળ રાખે છે. તે તમને છોડશે નહીં કે તમને તજી દેશે નહીં.

**બચવા માટે મારે શું કરવું જોઈએ :**

શાશ્વત નરકની સજામાંથી બચી જવા માટે, તમારે તમારા હૃદયમાં વિશ્વાસ કરવો જોઈએ અને:

સ્વીકારો અને કબૂલ કરો કે તમે પાપી છો અને પાપો કર્યા છે, ફક્ત તમારા વિચારોમાં જ નહીં, પણ તમારા શબ્દો અને કાર્યો દ્વારા પણ.

સમજો કે તમને એક તારણહારની જરૂર છે જે તમને મુક્તિ/મોક્ષ આપી શકે.

તમારા મોંથી સ્વીકારો કે ઈસુ ખ્રિસ્ત તમારા ઈશ્વર  અને વ્યક્તિગત તારણહાર છે.

તમારા હૃદયમાં વિશ્વાસ કરો કે ઈસુએ તેમનું લોહી વહેવડાવ્યું અને તમારા પાપોના પ્રાયશ્ચિત માટે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા. માનો કે ઈસુ તમારા માટે મૃત્યુ પામ્યા હતા અને દફનાવવામાં આવ્યા હતા. વિશ્વાસ કરો કે તે ત્રીજા દિવસે કબરમાંથી ઉઠ્યા છે, કારણ કે મૃત્યુ તેમને પોતાની પકડમાં રાખી શકતું નથી.

13 જેઓ તેમના નામમાં વિશ્વાસ કરે છે અને તેમને સ્વીકારે છે, તેઓને તે ઈશ્વરનાં બાળકો બનવાનો અધિકાર આપે છે.

**આ તક ચૂકશો નહીં**

દરેક માણસ  એક વખત મૃત્યુ પામે છે અને તે પછી તેને ઈસુના સફેદ સિંહાસન સમક્ષ તેમનો ન્યાયી ચુકાદો મેળવવા માટે ઊભા રહેવાનું  નક્કી  કરવામાં આવ્યુ  છે. જે કોઈ

ઈસુ ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારણહાર તરીકે સ્વીકારે છે અને પાપોની માફી મેળવે છે, તે ઈસુ સાથે હંમેશ માટે જીવવા માટે શાશ્વત જીવન પ્રાપ્ત કરશે.

ઈશ્વર ન્યાયી હોવાને કારણે, પાપને સજા વિના છોડી શકતા નથી. બાઇબલ સ્પષ્ટપણે કહે છે કે જેમના નામ ઈશ્વરના જીવનના પુસ્તકમાં નોંધાયેલાં નથી તેઓને અગ્નિના તળાવમાં ફેંકી દેવામાં આવશે. શાશ્વત નરકની સજા સહન કરવી ખૂબ મુશ્કેલ છે. તે એવી જગ્યા છે જ્યાં આગ બુઝાતી નથી અને કીડો મરતો નથી. ઈસુ ખ્રિસ્તે અગાઉથી જ આપણા પાપો માટે ચૂકવણી કરી દીધી છે તેથી આપણે તેમને કે જેણે આપણાં પાપો પોતાના પર લઈ લીધા છે (આપણા તારણહાર) તરીકે સ્વીકારીને આ ચુકાદાથી બચી શકીએ છીએ. તમારે તેના માટે ફરીથી અથવા જાતે ચૂકવણી કરવાની જરૂર નથી. તમારા પાપનો બોજ ઈસુ પર નાખો.

## તમારા જીવનમાં એક નવી શરૂઆત

પ્રિય મિત્ર! ઈશ્વર પોતે આ પુસ્તિકા દ્વારા તમારી સાથે વાત કરી રહ્યા છે. પૃથ્વીનો પાયો નાખ્યો તે પહેલાં જ તેમણે તમારા પ્રત્યેના પ્રેમને લીધે તમને પસંદ કર્યા. તેમણે તમારા જીવનમાં એક નવું કાર્ય શરૂ કર્યું છે અને તમારી પરિસ્થિતિઓને પુનઃસ્થાપિત કરી છે. તે તમારા આંસુ લૂછી નાખશે. ડરશો નહીં, મજબૂત બનો. કેમ કે ઈશ્વર તમારા પક્ષમાં છે, તમારી વિરુદ્ધ કોણ હોઈ શકે? તે તમારું અને તમારા કુટુંબ નું રક્ષણ કરશે. તે તમારી બધી જ જરૂરિયાતો પૂરી પાડશે અને તેમના મહિમામાં તમારી ઈચ્છાઓ પૂરી કરશે. ફક્ત તેમના પર તમારી દ્રષ્ટિ સ્થિર કરો.

## હમણાં જ મુક્તિનો દિવસ છે

હાલ જ યોગ્ય ક્ષણ છે. આજે તમારી પાસે મુક્તિ/મોક્ષ પ્રાપ્ત કરવાની તક છે. તમે જાણતા નથી કે આવતીકાલ તમારા માટે શું લાવશે. તમે અને હું માત્ર એક વરાળ છીએ જે થોડી

વાર માટે દેખાય છે અને પછી અદૃશ્ય થઈ જાય છે. ભવિષ્ય અનિશ્ચિત છે. આ પુસ્તિકા તમારા હાથમાં આવી તે માત્ર સંયોગ નથી. ઈસુ ખ્રિસ્ત તમને અપાર પ્રેમ કરે છે. ઈસુ પ્રેમથી તમને તેમના રાજ્યમાં આમંત્રણ આપી રહ્યા છે. કૃપા કરીને તેને ના પાડશો નહીં. કૃપા કરીને તેમના પ્રેમને નકારશો નહીં.

તે તમારી તરફ તેમના પવિત્ર હાથ લંબાવી રહ્યા છે. ઇસુ ખ્રિસ્ત, જેમણે વધસ્તંભ ઉપર તેમનું લોહી વહેવડાવીને અને તમારા માટે પોતાનો જીવ આપીને તમને બચાવ્યા છે તે તમારી બધી જરૂરિયાતો સરળતાથી પૂરી પાડી શકે છે. તમારી બધી મુશ્કેલીઓમાં તમને મદદ કરવાની શક્તિ ઈસુ પાસે છે. ઈસુ તમને આશીર્વાદ આપી શકે છે, તમને સાજા કરી શકે છે અને તમને સારી વસ્તુઓથી સંતુષ્ટ કરી શકે છે. ઈસુ તમને બચાવવા માંગે છે. ઈસુ ઉભા છે અને તમારા હૃદયના દરવાજા પર ખટખટાવી રહ્યા છે. શું તમે દરવાજો ખોલીને તેને અંદર બોલાવશો નહીં? તે અંદર આવવા અને તમારી સાથે ભોજન કરવા ચાહે છે.

નોંધ: જો તમે ઈસુ ખ્રિસ્ત વિશે વધુ જાણવા માગતા હો, તો કૃપા કરીને Google Play Store પરથી બાઇબલ એપ્લિકેશન ડાઉનલોડ કરો અને બાઇબલ વાંચો - જે પવિત્ર આત્મા દ્વારા લખાયેલ છે. બાઇબલ ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ છે. તમે બાઇબલ વાંચીને પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમનો અનુભવ કરી શકો છો.